# સી.યુ.શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ – સુરેન્દ્રનગર સંચાલિત
# શ્રી ઠાકરશીભાઈ બેચરભાઈ પટેલ તથા શ્રીમતી જમનાબેન ઠાકરશીભાઈ પટેલ
# રૂરલ હેલ્થ ટ્રેનિંગ સેન્ટર– સાયલા

સી યુ શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, સુરેન્દ્રનગર દ્વારા સંચાલીત શ્રી ઠાકરશીભાઇ બેચરભાઇ પટેલ રૂરલ હેલ્થ ટ્રેનિંગ સેન્ટર, સાયલા એ સાયલા ગામના લોકોને વિવિધ રોગોની વિનામુલ્ય તપાસ અને સારવાર આપતુ તેમજ મેડિકલ કોલેજમા અભ્યાસ કરતા એમબીબીએસનાં વિદ્યાર્થીઓને રૂરલ એટલે કે ગામડામા થતા રોગો વિષે જાણકારી આપતુ એક મુખ્ય કેન્દ્ર છે.

## મુખ્ય હેતુ :

- સાયલા ગામના લોકોને તેમના ઘર આંગણે આરોગ્યની ઉત્તમ સુવિધા પુરી પાડવી.
- એમબીબીએસમાં અભ્યાસ કરતા અમારા ડોક્ટર મિત્રોને ગામડાના આરોગ્ય અને રોગો વિષે ટ્રેનિંગ આપવી.
- સી યુ શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિષ્ણાંત તબિબો દ્વારા આરોગ્યની ઉત્તમ સુવિધા પુરી પાડવી.
- હાલના આ ટ્રેનિંગ સેન્ટરને આગળ જતા મલ્ટીસ્પેશિયાલીટી ટ્રોમા સેન્ટરમા ફેરબદલ કરવુ.

## ઉપલબ્ધ સુવિધાઓ :

| | |
|---|---|
| વિનામુલ્ય આરોગ્ય તપાસ<br>વિનામુલ્ય લેબોરેટરી તપાસ<br>વિનામુલ્ય આરોગ્ય વિષયક જાણકારી<br>વિનામુલ્ય જરૂરી દવા વિતરણ | **સોમવાર થી શુક્રવાર**<br>સવારે - ૯ થી ૨<br>સાંજે - ૩ થી ૬<br>**શનિવાર**<br>સવારે ૯ થી ૨ |
| વિનામુલ્ય કસરતની સારવાર | સવારે ૧૦ થી ૧૨:૩૦ **(સોમવાર થી શનિવાર)** |
| વિનામુલ્ય બાળકોનુ રસીકરણ | સવારે ૯ થી ૧ **(દર શુક્રવારે)** |
| વિનામુલ્ય નિષ્ણાંત તબિબો દ્વારા સારવાર (સી યુ શાહ હોસ્પિટલનાં વિવિધ તબીબી વિભાગોના રેસીડેન્ટ ડોક્ટરો દ્વારા) | સવારે ૧૦ થી ૧૨:૩૦ **(સોમવાર થી શનિવાર)** નીચે મુજબ |

| નિષ્ણાંત **સુવિધાઓ** સવારે ૧૦ થી ૧૨:૩૦ | | | | |
|---|---|---|---|---|
| **સોમવાર** | | | કસરત વિભાગ | |
| **મગંળવાર** | મેડિસિન (ફિજીશ્યન) | માનસિક રોગના નિષ્ણાંત | કસરત વિભાગ | |
| **બુધવાર** | હાડકાના રોગના નિષ્ણાંત | ચામડીના રોગના નિષ્ણાંત | કસરત વિભાગ | |
| **ગુરુવાર** | સર્જન ડોક્ટર | | કસરત વિભાગ | |
| **શુક્રવાર** | સ્ત્રી રોગના નિષ્ણાંત | બાળ રોગના નિષ્ણાંત | કસરત વિભાગ | રસીકરણ |
| **શનિવાર** | | | કસરત વિભાગ | |

- સાયલા ગામના લોકોમા આરોગ્ય વિષયક જાણકારી આપવાના હેતુસર મહિનામા એક વાર આરોગ્યને લગતા વિવિધ વિષયો અંગે સેમિનાર / વ્યાખ્યાનનુ આયોજન પણ કરવામાં આવે છે, જેમા સુરેન્દ્રનગર શહેરના વિવિધ નિષ્ણાંત તબિબો દ્વારા ગ્રામ્યજનોને સમજાય તેવી સ્પષ્ટ ગુજરાતી ભાષામાં સપુંર્ણ જાણકારી આપવામા આવે છે તેમજ લોકોના મનમાં રહેલ આરોગ્ય વિષયક વિવિધ શંકા-કુશંકાઓનુ પણ સમાધાન કરવામા આવે છે.
- અવારનવાર સી યુ શાહ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના દરેક નિષ્ણાંત તબિબોને ભેગા કરી રૂરલ હેલ્થ ટ્રેનિંગ સેન્ટર, સાયલા ખાતે મેગા કેમ્પનુ આયોજન કરી સાયલા તેમજ તેની આસપાસના ગામ લોકોને એકસાથે વિવિધ રોગોની વિનામુલ્ય આરોગ્ય તપાસ, લેબોરેટરી તપાસ, દવા વિતરણ તેમજ જરૂરી સલાહ-સુચન જેવી ઉત્તમ સુવિધા પુરી પાડવામા આવે છે.
- રૂરલ હેલ્થ ટ્રેનિંગ સેન્ટરમાં રાહત દરે મળતી દવાઓનો મેડિકલ સ્ટોર પણ હવે ઉપલબ્ધ છે. જે સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

## અગત્યની નોંધ :

- અમારે ત્યાં ૨૪ કલાક તાત્કાલીક સારવારની સુવિધા હાલ પુરતી ઉપલબ્ધ નથી.
- મહેરબાની કરીને નિષ્ણાંત તબીબોને બતાવવા આવો ત્યારે નીચે આપેલ નંબર પર ફોન કરીને આવવુ (કેમ કે ઘણી વખત કોઇ અંગત કારણોસર નિષ્ણાંત તબિબને આવવામાં વિલંબ થાય કે આવવાનુ મોકુફ રાખવાનુ થાય તો તેની આપને અગાઉથી જાણ રહે)

**રૂરલ હેલ્થ ટ્રેનિંગ સેન્ટરનો ટેલિફોન નં : ૦૨૭૫૨ -૨૯૫૧૦૭**